# જુનાગઢ કૃષિ યુનિવર્સિટી

## છેલ્લા ત્રણ વર્ષની સિધ્ધિઓ

ગુજરાત કૃષિ યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૧૯૭૨માં કરવામાં આવી હતી. પરંતુ પ્રાદેશિક તબકકે કૃષિ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણને સધ્ધર બનાવવા માટે ગુજરાત કૃષિ યુનિવર્સિટીનું મે–૨૦૦૪થી ચાર અલગ કૃષિ યુનિવર્સિટીઓમાં પુનઃગઠન કરવામાં આવેલ છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી તેમાંની એક છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીને રાજય સરકાર તરફથી ૧૦૦ ટકા અનુદાનની રકમ મળે છે. આ પ્રવૃતિ હેઠળ વર્ષ ૨૦૦૮–૨૦૦૯ થી વર્ષ ૨૦૧૦–૨૦૧૧ના વર્ષે મંજુર થયેલ આખરી બજેટ તથા વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં દરખાસ્ત કરેલ બજેટ જોગવાઇની વિગત નીચે છે.

(રૂા. લાખમાં)

| વર્ષ | આયોજન | આયોજન બહાર |
|---|---|---|
| ૨૦૦૮–૨૦૦૯ | ૨૨૬૮.૦૦ (રીવાઇઝડ) | ૨૭૭૩.૮૦ (રીવાઇઝડ) |
| ૨૦૦૯–૨૦૧૦ | ૨૪૫૦.૦૦ | ૨૬૮૧.૫૪ |
| ૨૦૧૦–૨૦૧૧ | ૩૮૧૯.૬૦ | ૩૪૩૧.૫૨ |
| ૨૦૧૧–૧૨ | ૪૮૫૬.૭૪ | ૪૬૯૮.૧૦ |

**૧. શિક્ષણ :**

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સૌરાષ્ટ્રના યુવા વર્ગને કૃષિ અને તેના સંલગ્ન ક્ષેત્રમાં શિક્ષણ આપવામાં આવે છે. યુનિવર્સિટીનું શિક્ષણ દ્વિસ્તરીય પધ્ધતિ પર આધારિત છે. જેમાં પ્રથમ સ્તરમાં કૃષિ વિદ્યા, કૃષિ ઇજનેરી વિદ્યા, મત્સ્ય વિજ્ઞાન તેમજ પશુચિકિત્સા અને પશુપાલન વિદ્યાશાખાઓને આવરી લઇને આપવામાં આવતા નિવાસી સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના ઉચ્ચ શિક્ષણના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. જયારે બીજા સ્તરમાં ચાર અલગ–અલગ પોલીટેકનીકસ, કૃષિ વિજ્ઞાન કેન્દ્નો અને વિસ્તરણ શિક્ષણ તાલીમ કેન્દ્નો ખાતે ચલાવવામાં આવતા અભ્યાસક્રમો અને તાલીમ કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ઉચ્ચસ્તરીય કૃષિ શિક્ષણના અભ્યાસક્રમો કુલસચિવશ્રીની સીધી દેખરેખ હેઠળ ચાલે છે. જયારે બીજા સ્તરના અભ્યાસક્રમો વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની સીધી દેખરેખ હેઠળ ચાલે છે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી મારફત ચલાવવામાં આવતી જુદી જુદી ઉપરોકત વિદ્યાશાખાઓ પ્રમાણે સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ જુદી જુદી ૪ મહાવિદ્યાલયોમાં ચલાવવામાં આવે છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખાઓના અભ્યાસક્રમ હેઠળ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ મેળવેલ સિધ્ધિઓ નીચે મુજબ છે.

| ક્રમ | અભ્યાસક્રમ | પ્રવેશ ક્ષમતા | પ્રવેશ આપવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૮–૦૯ | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ |
| ૧. | બી.એસસી.(એગ્રી.) | ૯૦ | ૯૦ | ૯૭ | ૯૩ |
| ૨. | બી.ટેક. (એગ્રી.એન્જી.) | ૭૦ | ૭૧ | ૭૬ | ૭૫ |
| ૩. | બી.એફ.એસસી. | ૩૦ | ૨૨ | ૩૬ | ૩૫ |
| ૪. | બી.વી.એસસી. એન્ડ એ. એચ. | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ |
| ૫. | પી.જી.– એગ્રી. બીજનેસ મેનેજમેન્ટ | ૩૮ | – | ૩૮ | ૩૯ |
| ૬. | અનુસ્નાતક<br>માસ્ટર ડીગ્રી.<br>પીએચ. ડી. | | <br>૯૮<br>૫ | <br>૧૨૬<br>૭ | <br>૧૭૬<br>૧૮ |

કૃષિ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓ તથા સંશોધન અને શિક્ષણ સાથે સંકળાયેલા કર્મચારીઓના ઉપયોગ માટે જુનાગઢ ખાતે ગ્રંથાલય આવેલ છે. દેશમાં તેમજ વિદેશમાં કૃષિ ક્ષેત્રમાં થતા છેલ્લા સંશોધન અંગેની માહિતી મળી રહે તે માટે ગ્રંથાલયમાં વિવિધ વિષયક પુસ્તકો, સામયિકો, તાંત્રિક અહેવાલો, મહાનિબંધો તથા અન્ય કૃષિ ઉપયોગી સાહિત્ય મંગાવવામાં આવે છે.

વિદ્યાર્થી પ્રવૃતિઓ હેઠળ મહાવિદ્યાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો શારીરિક તથા માનસિક વિકાસ થાય અને સ્વાસ્થ્ય જળવાઇ રહે તે માટે વિવિધ રમત ગમતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેમજ વિદ્યાર્થીઓને તબીબી સારવાર મળી રહે તે માટે મુખ્ય કેમ્પસ ઉપર આરોગ્ય કેન્દ્ર પણ ચલાવવામાં આવે છે. મહાવિદ્યાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મનોરંજન મળી રહે તે માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવે છે.

**૨. સંશોધન :**

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનું સંશોધન માળખું મુખ્યત્વે પાક આધારિત છે. પ્રત્યેક પાકોના કૃષિ વિષયક સંશોધન માટે અલગ સંશોધન વૈજ્ઞાનિકોની નિમણૂંક કરવામાં આવે છે. આ સંશોધન વૈજ્ઞાનિકો જેતે પાક અને વિષય અંગેના મુખ્ય સંશોધન મથક ઉપર સંશોધન કાર્ય કરે છે અને તેનુ તાંત્રિક નિયંત્રણ પણ કરે છે. યુનિવર્સિટી દ્વારા કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રમાં જે તે વિસ્તારને લગતી સમસ્યાઓના સંશોધન ઉપર ખાસ ભાર મુકવામાં આવે છે. સંશોધનના તાંત્રિક કાર્યક્રમોનું આયોજન કરવા અને વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવેલ સંશોધન કાર્યનું મૂલ્યાંકન કરવા તથા સંશોધન કાર્યક્રમો અંગે માર્ગદર્શન પુરૂ પાડવા સંશોધન પરિષદ અને તેની કૃષિ સંશોધન પેટા સમિતિઓ કાર્ય કરે છે.

યુનિવર્સિટી દ્વારા સંશોધનના કાર્યક્રમ હેઠળ સૌરાષ્ટ્રમાં લેવામાં આવતા તમામ પાકો પર તેમજ પશુવિજ્ઞાન, સુકીખેતી, પિયત વ્યવસ્થા, જમીન વિજ્ઞાન, પાક સંરક્ષણ, કૃષિ ઇજનેરી, નિંદણ નિયંત્રણ અને મિશ્ર ખેતી જેવા જુદા જુદા વિષયો ઉપર સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત અન્ય ખાસ વિષયો જેવા કે જૈવિક ખાતર, પેશીવર્ધન પધ્ધતિ, દુર સંવેદન અને ઉત્પાદન તજજ્ઞતા ક્ષેત્રે પણ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવી રહયા છે.

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના સહયોગ દ્વારા અખિલ ભારતિય સંકલીત સંશોધન યોજનાઓ હેઠળ ૭૫ : ૨૫ ટકા પ્રમાણેની નાણાંકીય સહાયવાળી યોજનાઓ દ્વારા મુખ્ય પાકો તેમજ સુકી ખેતી, જળ વ્યવસ્થા, કૃષિ હવામાનશાસ્ત્ર, કૃષિ વન વિદ્યા જેવા વિષયો તેમજ ગીર ગાય અને જાફરાબાદી ભેંસોની ઓલાદ સુધારણાને પણ આવરી લેવામાં આવે છે. આ ઉપરાંત ઇક્રીસેટ, ઇસરો, બાયોફર્ટીલાઇઝર, બી.ટી. કપાસનું ટેસ્ટીંગ અને જંતુનાશક દવાઓની કંપની જેવી સંસ્થાઓના સહયોગથી જુદા જુદા પાક પર સંશોધન અભ્યાસો હાથ ધરવામાં આવે છે.

યુનિવર્સિટી સંશોધન કાર્યક્રમ હેઠળ પાક સુધારણા દ્વારા જુદા જુદા પાકોની સુધારેલ / સંકર જાતો વિકસાવવામાં આવેલ છે. વર્ષ : ૨૦૦૭–૨૦૦૮ થી વર્ષ ૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન કૃષિ યુનિવર્સિટી દ્વારા નીચે મુજબની જુદા જુદા પાકોની જાતો વિકસાવીને બહાર પાડવા માટે ભલામણ કરવામાં આવેલ છે.

| વર્ષ | અ.નં. | પાકનું નામ | ભલામણ કરેલ જાતો |
|---|---|---|---|
| ૨૦૦૭–૦૮ | ૧ | મગફળી | જીજેજી–એચપીએસ–૧ |
| | ૨ | બાજરી | જીએચબી–૭૧૯ |
| | ૩ | બાજરી | જીએચબી–૭૪૪ |
| | ૪ | બાજરી | જીએચબી–૭૩૨ |
| | ૫ | ચણા | ગુજરાત ગ્રામ–૩ |
| | ૬ | ટમેટા | જુનાગઢ ટોમેટો–૩ |
| ૨૦૦૮–૦૯ | ૧ | ભીંડા | જીઓએચ–૨ |
| | ૨ | સીતાફળ | જેસીએ–૧ |
| ૨૦૦૯–૧૦ | ૧ | મગફળી | ગુ. જુનાગઢ મગફળી–૯ |
| | ૨ | ઉનાળુ મગફળી | ગુ. જુનાગઢ મગફળી–૩૧ |
| | ૩ | રીંગણ | ગુ. જુનાગઢ રીંગણ–૨ |
| | ૪ | ભીંડા | ગુ. જુનાગઢ ભીંડા–૩ |
| | ૫ | તલ | ગુ. તલ–૪ |

યુનિવર્સિટી દ્વારા રાજયના વાવેતર હેઠળના જુદા જુદા પાકોની ખેતી પધ્ધતિને લગતા સંશોધન કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૦૭–૨૦૦૮ થી વર્ષ ૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન કૃષિ યુનિવર્સિટી ધ્વારા બહાર પાડવામાં આવેલ જુદા જુદા પાકોની વિવિધ વિષયક ખેડૂતોપયોગી સંશોધન ભલામણોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | વિવિધ વિષયો | ખેડૂત ઉપયોગી ભલામણોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭–૦૮ | ૨૦૦૮–૦૯ | ૨૦૦૯–૧૦ |
| ૧ | પાક સંવર્ધન અને જનીન વિજ્ઞાન | ૬ | ૨ | ૫ |
| ૨ | સસ્ય વિજ્ઞાન અને જમીન વિજ્ઞાન | ૨૨ | ૧૫ | ૧૨ |
| ૩ | પાક સંરક્ષણ | ૧૨ | ૮ | ૧૬ |
| ૪ | બાગાયત અને શાકભાજી પાકો | ૩ | ૨ | ૭ |
| ૫ | કૃષિ ઇજનેરી | ૪ | ૬ | ૫ |
| ૬ | પશુ વિજ્ઞાન | – | – | ૨ |
| ૭ | મત્સ્ય વિદ્યા | ૧ | – | ૨ |
| ૮ | બેઝીક સાયન્સ | ૧ | – | – |

પશુ વિજ્ઞાન ક્ષેત્રમાં સંશોધન કાર્યક્રમ હેઠળ જુનાગઢ ખાતે ગીર ગાયો અને જાફરાબાદી ભેંસોની શુધ્ધ ઓલાદોની જાળવણી અને આ ઓલાદોની ઉત્પાદન ક્ષમતા વધારવા અંગેનું સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે.

### ૩. વિસ્તરણ શિક્ષણ :

કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રોમાં આવતા સંશોધનની ભલામણોને ખેડૂતો સુધી અસરકારક રીતે પહોંચાડવા માટે વિસ્તરણ શિક્ષણ અગત્યનું માધ્યમ છે. જેના દ્વારા ખેડૂતોની ખેતી વિષયક સમસ્યાઓના ઉકેલમાં પણ મદદરૂપ થઇ શકાય તે માટે યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પાંખ, વિસ્તરણ શિક્ષણની વિવિધ પ્રવૃતિઓ હેઠળ ખેડૂત પુત્રો અને પુત્રીઓ માટે ડિપ્લોમા અભ્યાસક્રમો અને ખેડૂત તેમજ ગ્રામીણ મહિલાઓ માટેના તાલીમ કાર્યક્રમો ચલાવે છે.

### (અ) ખેડૂત સંતાનો માટે ડિપ્લોમા / પ્રમાણપત્ર અભ્યાસક્રમ :

વિસ્તરણ શિક્ષણ વિભાગ દ્વારા રાજયના યુવા વર્ગને ખેતી અને તેને સંલગ્ન ક્ષેત્રનું જ્ઞાન અને પ્રત્યક્ષ તાલીમ મળી રહે તે માટે સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં ચાર પોલીટેકનીકસ((૧) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર સાયન્સ, (૨) પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, (૩) પોલીટેકનીક ઈન હોમસાયન્સ અને (૪) પોલીટેકનીક ઈન એગ્રોપ્રોસેસીગ) મારફત ડિપ્લોમા અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. તેમજ જુનાગઢ ખાતે પશુધન નિરીક્ષક અને બેકરીનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. માળી કામ માટે બાગયાતમાં કુશળતા અંગેની નવીનતમ તાલીમ આપવા માટે માળી તાલીમ કેન્દ્ પણ કાર્યરત છે. આ ઉપરાંત હળવદ ખાતે બે વર્ષનો કૃષિ ડિપ્લોમા અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવે છે.

ડિપ્લોમા / પ્રમાણપત્ર અભ્યાસક્રમ હેઠળ વર્ષ : ૨૦૦૮–૨૦૦૯ થી ૨૦૧૦–૨૦૧૧ દરમ્યાન જુનાગઢ કૃષિ યુનિવર્સિટીએ મેળવેલ સિધ્ધિઓ નીચે દર્શાવવામાં આવેલ છે.

| ક્રમ | ડિપ્લોમા / પ્રમાણપત્ર અભ્યાસક્રમ | પ્રવેશ ક્ષમતા | તાલીમનો સમયગાળો | પ્રવેશ આપેલ વિઘાર્થી / તાલીમાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૨૦૦૮–૦૯ | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ |
| **૧** | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર | **૨૫** | ૩ **વર્ષ** | – | ૨૫ | ૨૬ |
| **૨** | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર સાયન્સ | **૨૫** | ૩ **વર્ષ** | – | ૨૫ | ૨૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | પોલીટેકનીક ઈન હોમસાયન્સ | **૨૫** | **૩ વર્ષ** | – | ૨૬ | ૨૬ |
| ૪ | પોલીટેકનીક ઈન એગ્રોપ્રોસેસીગ | **૨૫** | **૩ વર્ષ** | – | ૨૬ | ૨૬ |
| ૫ | કૃષિ ડિપ્લોમા | ૩૦ | ૨ વર્ષ | ૩૦ | – | ૩૦ |
| ૬ | પશુધન તાલીમ | ૩૦ | ૧ વર્ષ | ૩૦ | ૩૩ | ૩૩ |
| ૭ | માળી તાલીમ | ૨૦ | ૬ માસ | ૫ | ૧૪ | ૧૪ |

**(બ) ખેડૂતો અને ખેડૂત મહિલાઓ માટેનો તાલીમ કાર્યક્રમ :**

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ ખાતે સરદાર સ્મૃતિ કેન્દ્ર ચલાવવામાં આવે છે. આ ઉપરાંત જામનગર, તરઘડીયા(જીલ્લો– રાજકોટ), અમરેલી, નાના–કાંધાસર(જીલ્લો–સુરેન્દ્રનગર) અને ખાપટ (જીલ્લો–પોરબંદર) કેન્દ્ર ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રો પણ ચાલે છે. આ કેન્દ્રો પર ખેડૂતો અને ખેડૂત મહિલાઓને લાંબા અને ટુંકાગાળાની તાલીમ આપવામાં આવે છે. વર્ષ : ૨૦૦૭–૨૦૦૮ થી વર્ષ ૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન તાલીમ આપવામાં આવેલ તાલીમાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| **અ.નં.** | **વર્ષ** | **તાલીમાર્થીઓની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **સરદાર સ્મૃતિ કેન્દ્ર, જુનાગઢ** | **કૃષિ વિજ્ઞાન કેન્દ્રો** |
| ૧ | ૨૦૦૭–૨૦૦૮ | ૭૨૮ | ૭૨૬૨ |
| ૨ | ૨૦૦૮–૦૯ | ૯૭૦ | ૯૮૯૯ |
| ૩ | ૨૦૦૯–૧૦ | ૪૧૨૬ | ૧૫૭૩૧ |

**(ક) પાક નિદર્શનઃ**

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂતોને નવીન ભલામણો/ તજજ્ઞતા અપનાવી ખેત ઉત્પાદન વધારે તે હેતુને ઘ્યાને લઈ ખેડૂતોને ખાતર, દવા, બિયારણ અને ખેત પઘ્ધતિના નિદર્શનો આપવામાં આવે છે. તે ઉપરાંત વૈજ્ઞાનિકો પણ ખેડૂતોના ખેતરે / ગામડે જઈ નિદર્શન પ્લોટ અંગે માર્ગદર્શન પણ આપે છે. તે હેતુથી આ યુનિવર્સિટી હસ્તકના વિવિધ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા નીચેની વિગતે પ્રથમ હરોળના નિદર્શનો ખેડૂતોના ખેતરે ગોઠવવામાં આવેલ.

| **ક્રમ** | **વર્ષ** | **સંખ્યા** | **વિસ્તાર (હેકટર)** |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૭–૦૮ | ૬૨૬ | ૨૫૬ |
| ૨. | ૨૦૦૮–૦૯ | ૬૭૨ | ૩૦૯ |
| ૩. | ૨૦૦૯–૧૦ | ૬૩૫ | ૨૭૩ |

*****